**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૨.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૪ ડીગ્રી
ભેજ
સવારે ૪૩ ટકા ● સાંજે ૧૯ ટકા

# લૉકડાઉનના પગલે બાળકોના સર્વાંગી વિકાસની શિબિરો બંધ

## ઉનાળુ વકેશનમાં થતી વિવિધ શિબિરો, સમર કેમ્પ, સ્પોર્ટસ કેમ્પનું સ્થાન ઓનલાઈન ગેમ્સ અને ઈન્ડોર ગેમ્સે લીધું

ગાંધીનગર, તા.૧૨

કોરોનાની મહામારી વચ્ચે લૉકડાઉન ચાલી રહ્યું છે. ધંધા-રોજગાર સહિત તમામ શૈક્ષણિક સંસ્થાઓ બંધ છે. બાળકોને વેકેશન આપી દેવાયું છે. પરંતુ આ વખતે ઉનાળાનું વેકેશન થોડુંક અલગ છે. બાળ શિબિર, સમર કેમ્પ અને સ્પોર્ટસ કેમ્પ બંધ રહેતા બાળકો હવે ઓનલાઈન ગેમ્સ અને ઈન્ડોર ગેમ્સ રમી સમય પસાર કરી રહ્યા છે.

આ વખતે ઉનાળાનું વેકેશન સાવ જુદું જ લાગી રહ્યું છે. બાળકોને બે ત્રણ મહિનાની રજા હોવા છતાં કયાંક બહાર ફરવા જઈ શકાતું નથી અને સમર કેમ્પ સહિતની તમામ પ્રવૃત્તિઓ બંધ રહેતા બાળકોને ફરજિયાત ઘરમાં રહેવું પડી રહ્યું છે. આ વખતે કોરોનાની મહામારીના કારણે આ વખતે પરીક્ષાઓ રદ કરી બાળકો માટે વેકેશન જાહેર કરી દેવાયું છે. હજુ છેક જૂન મહિના સુધી શાળાઓ ખુલે તેવા કોઈ અણસાર દેખાતા નથી. લાંબી રજાઓ હોવા છતાં બાળકો કોઈ પ્રવૃત્તિમાં જોડાઈ શકતા નથી.

ઉનાળાનું વેકેશન પડે એટલે બાળકો જાતભાતના કલાસીસ, શિબિર અને કેમ્પમાં જવાની જીદ કરવા માંડે. વળી વાલીઓને તો બાળકોને ઘરમાં કેમ સાચવશું તેનું જ ટેન્શન થવા માંડે. બાગ બગીચાઓ બાળકોથી ભરાયેલા રહે. ગાંધીનગરના બગીચાઓમાં તો છેક મોડી રાત સુધી ચહલપહલ રહે. જો કે આ વખતો લૉકડાઉનના કારણે વેકેશનની તમામ શિબિરો બંધ છે. કયાંય સ્પોર્ટસ કેમ્પ કે આર્ટ એન્ડ ક્રાફટની પ્રવૃત્તિઓ યોજાતી નથી. મહામારીના ભય વચ્ચે બાળકો ઘરમાં રહેવા ટેવાઈ ગયા છે. ઘરમાં રહેતા બાળકો કંટાળે નહીં તે માટે હવે તે ઓનલાઈન ગેમ્સ રમતા થયા છે. આ ઉપરાંત ઘરમાં રમી શકાય તેવી ઈન્ડોર ગેમ્સનું આકર્ષણ વધ્યુ છે. ઉનાળુ વેકેશનમાં કોરોનાએ બાળકોની ટેવ અને પ્રવૃત્તિઓ પણ બદલાવી નાંખી છે.

## કોરોના જાગૃતિ માટે આઈઆઈટીઈ દ્વારા એક્સ્પર્ટસ વેબિનારનું આયોજન

ગાંધીનગર, તા.૧૨

કોરોના વાયરસના ફેલાવા રોકવા માટે થયેલા લૉકડાઉનના કારણે જનજીવન અટકી પડયું છે. પરંતુ તેને કારણે લોકશિક્ષણની પ્રક્રિયાને અટકાવી ન શકાય. આ હેતુને ધ્યાનમાં રાખીને ભારતીય શિક્ષક પ્રશિક્ષક સંસ્થાન (ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટીચર એજયુકેશન - આઈઆઈટીઈ) દ્વારા તા. ૧૨ એપ્રિલથી ૧૬ એપ્રિલ દરમિયાન વિજ્ઞાનના વિવિધ વિષયોને આવરી લેતાં વેબિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આઈઆઈટીઈના ફેસબુજ પેજ પર મૂકવામાં આવેલી લિંક દ્વારા આ વેબિનારમાં વિના મૂલ્યે નોંધણી કરાવીને આ વિષયોમાં રસ ધરાવતા તમામ લોકો તેમાં ભાગ લઈ શકશે.

આઈઆઈટીઈની સાયન્સ ફેકલ્ટીના ફિઝિકસ, લાઈફ સાયન્સિસ અને કેમેસ્ટ્રી વિભાગો દ્વારા ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓ વિભાગો સાથે મળીને આ પ્રકારના વેબિનારનું આયોજન કરવાનું નેતૃત્વ લીધું છે. આ વેબિનારમાં કુલ પાંચ દિવસોમાં માઈક્રોબાયોલોજી, વાયરોલોજી, નેનો ટેકનોલોજી, એસ્ટ્રોનોમી, એસ્ટ્રોફિઝિકસ, કેમિકલ કાયનેટિકસ તથા ગ્રીન કેમેસ્ટ્રી એન્ડ સોસાયટી જેવા વિષયોને આવરી લેતા ૧૧ વિશેષજ્ઞોના વકતવ્યો યોજાશે. આ તમામ લેકચરમાં ઝૂમ એપ દ્વારા ભાગ લઈ શકાશે.



ગાંધીનગરમાં પ્રકૃતિનો ખજાનો છલોછલ ભરાયેલો છે. માત્ર એક નજર કરવાની જરૂર છે. શહેરમાં ઘણાં સ્થળોએ જાતભાતના ફૂલછોડ અને જાતભાતના વૃક્ષોનો ખજાનો છે જે ભાગ્યે જ ગુજરાતના અન્ય સ્થળોએ જોવા મળે છે. શહેરની સ્થાપના સમયે અહીં ખૂબ જ કાળજીપૂર્વક અલગ અલગ પ્રકારના વૃક્ષો ઉછેરવામાં આવ્યા હતા.જે હજુ આપણને જોવા મળી જાય છે. ખૂબ જ જાણીતા સુકા મેવા કાજુનું વૃક્ષ ગાંધીનગરમાં જોવા મળે તે નવાઈની વાત છે. મોટા ભાગે ભેજવાળા વિસ્તારો અને દેશના દક્ષિણના વિસ્તારોમાં થતાં કાજુના વૃક્ષ શહેરમાં પણ જોવા મળે છે. ઉનાળાના પ્રારંભે તેમાં ભરપૂર ફાલ આવ્યો છે. કાજુના ફાલના કારણે આખેઆખા વૃક્ષો જાણે લચી પડયા છે.

## કોરોના લડતમાં રોકાયેલા સરકારી વાહનોને રીપેરીંગની જરૂર પડશે તો મોર્ડન મોટર્સ સેવા પુરી પાડશે

ગાંધીનગર, તા.૧૨

સમગ્ર દેશ કોરોના મહામારી સામે લડત આપી રહ્યો છે. ગુજરાતમાં પણ આ મહામારી સામે સરકારી તંત્રથી માંડીને સામાન્ય નાગરિક પોતપોતની રીતે લડતમાં યોગદાન આપી રહ્યાં છે. સરકારી હોદ્દેદારો તથા પદાધિકારીઓથી માંડીને તબીબી કર્મચારીઓ, પોલીસ સુરક્ષા કર્મચારીઓ, સફાઈ કર્મચારીઓ, ઈમર્જન્સી સ્ટાફ, પ્રેસ-મિડીયા ઉપરાંત સેવાભાવી નાગરિકો અને સ્વૈચ્છિક સંસ્થાઓ પણ પોતાના સ્વાસ્થ્યનું જોખમ લઈ ફરજ બજાવી રહ્યા છે. આ સમયે ગાંધીનગરના સેકટર-૨૮ ખાતેની જીઆઈડીસીમાં પ્લોટ નં. ૪૦૩ ખાતે કાર્યરત અને સરકારી વાહનોના રીપેરીંગનું કામ કરતા મોડર્ન મોટર્સ દ્વારા કોરોના કટોકટીમાં રોકાયેલા પોલીસ વિભાગ, આરોગ્ય વિભાગ કે અન્ય ઈમર્જન્સી સ્ટાફના વાહન જો ખરાબ થયાં હશે તો તેનું રીપેરીંગ કરી આપવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી છે.

આમ તો લૉકડાઉનને પગલે મોડર્ન મોટર્સ બંધ કરી દેવામાં આવ્યું છે અને તેના કેટલાક કારીગરો વર્કશોપ પર જ રહી લૉકડાઉનના નિયમો પાળી રહ્યા છે પરંતુ કોરોના સામેની લડતમાં રોકાયેલા સરકારી તંત્ર જેવા કે પોલીસ, તબીબી કે અન્ય વિભાગના વાહનોનું રીપેરીંગ કરી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જો કે આ કાર્ય માટે મોડર્ન મોટર્સ દ્વારા સવારે ૧૧ થી ૨નો સમય જ નિર્ધારિત કરવામાં આવ્યો છે અને આ સેવા લેવા ઈચ્છતા અધિકારીઓએ મોડર્ન મોટર્સના સંચાલકો મુકેશ સુથારનો મો.નં. ૯૮૨૫૨૬૨૨૯૧ અથવા ધર્મેન્દ્ર સુથારનો મો.નં. ૯૯૦૪૦૪૪૭૭૦ પર સંપર્ક સાધવા જણાવાયું છે.

## સૂનાં પડેલા બસ સ્ટેન્ડમાં સોશ્યલ ડિસ્ટન્સ સાથે શ્વાનની નિરાંતની ઊંઘ...!!



સમગ્ર પાટનગરમાં લૉકડાઉન લાગું છે જેને કારણે તમામ બસ સ્ટેન્ડ સૂનાં પડયાં છે તેમાં ઉનાળાનો પ્રારંભ થઈ જતા અંગ દઝાડતી ગરમી આભેથી વરસવા, લાગી છે જેમાં ખાસ કરીને બપોરના સમયે તો કોઈ માનવી ઘરની બહાર નીકળવાનું મુનાસિબ માનતો નતી. આ સંજોગોમાં બપોરના ધોમધખતા તડકામાં શહેરમાં રખડતા શ્વાનો માટે આ બસ સ્ટેન્ડ નિરાંતની ઊંઘ લેવા માટે પસંદગીનું સ્થળ બની રહ્યા છે. જો કે શ્વાન હોવા છતાં તેઓ ઉંઘ લેતી વખતે પણ જાણે 'સોશિયલ ડિસ્ટન્સિગ'નું ધ્યાન રાખી રહ્યાં હોય તે રીતે એકબીજાથી સલામત અંતર રાખીને સૂતાં છે ત્યારે નજીવા-તુચ્છ કારણોસર લૉકડાઉનનો ભંગ કરીને કોરોના સંક્રમણનું જોખમ લેતાં નાગરિકો આટલી સીધી સાદી વાત કેમ સમજી નહીં શકતા હોય તેવો સવાલ થાય ખરો...!!

## વાવોલ કિર્તિધામ ખાતે ત્રીજા માળેથી પડી જતા આધેડનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક આવેલા વાવોલ ગામમાં સ્થિત કિર્તિધામ સોસાયટી ખાતે ત્રીજા માળે રહેતા એક આધેડનું પડી જતા મૃત્યુ નિપજયુ હતું. બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કોરોના વાયરસનો પગલે સમગ્ર રાષ્ટ્રમાં લૉકડાઉનની સ્થિતિ છે લોકોને ભેગા થવા પર પ્રતિબંધ છે ત્યારે મળતી માહિતી મુજબ વાવોલ ગામની કિર્તિધામ સોસાયટી ખાતે ત્રીજા માળે ઓ-૧૨ ખાતો રહેતા બળદેવજી નાગરજી ડાભી રવિવારે સવારના સુમારે ૯ વાગ્યાના અરસામાં સ્નાન કર્યા બાદ બાલ્કની તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન અચાનક ચકકર આવતા નીચે પડી જતા તેમનું મૃત્યુ નિપજયુ હતું.



લૉકડાઉનમાં ધંધા રોજગાર ભલે બંધ રહ્યા હોય, ઘરના રસોડા ધમધમી રહ્યાં છે. બાળકો, વડીલો અને મોટેરાઓ આખો દિવસ ઘરમાં જ રહેતા સવાર-સાંજ રસોડું એકદમ ધમધમતું રહે છે. રસોડાની જાન ગણાતા મરી મસાલા ભરવાની હાલમાં પીક સીઝન ચાલી રહી છે. લૉકડાઉન હોવા છતાં મરી મસાલા ભરવાની કામગીરી સતત ચાલી રહી છે. આવા સમયે પણ મહિલાઓની સારી એવી ઘરાકી જોવા મળી રહી છે.



ઉનાળાના પ્રારંભે આખા વર્ષનું અનાજ ભરવામાં આવે છે. રવિ પાકો બજારમાં આવી ગયા છે. ઘઉંનો પાક આ વર્ષે સારો થયો હોવાથી બજારોમાં ઘઉંની સારી આવક થઈ રહી છે. લૉકડાઉન ખૂલશે પછી આવક હજુ વધશે. જો કે ઘણા લોકોએ તો લૉકડાઉન ખુલે તેની રાહ જોયા વિના ઘઉં ભરવાના શરુ કરી દીધા છે.

## ડો.બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતિની ઉજવણી મોકુફ

ગાંધીનગર, તા.૧૨

ડો.બાબા સાહેબ આંબેડકર જન્મજયંતિ મહોત્સવ સમિતિ ગાંધીનગર દ્વારા તા. ૧૪ એપ્રિલના રોજ વિધાનસભાની સામે આવેલ ડો.બાબા સાહેબની પ્રતિમા ખાતે દર વર્ષે ધામધુમથી ઉજવવામાં આવે છે. પરંતુ હાલ કોરોનાની પરિસ્થિતિને ધ્યાને રાખીને આ ઉજવણી મોકુફ રાખવામાં આવી છે. લોકડાઉનની સ્થિતિને ધ્યાને રાખીને દરેક જાગૃત નાગરીક તરીકેની ફરજ અદા કરી રાજય સરકારના આદેશનું ચુસ્ત રીતે પાલન કરવુ અને પ્રતિમા સંકુલ વિધાનસભા સામે બાબા સાહેબની પ્રતિમા પાસે કોઈ પણ વ્યકિતએ એકઠા થવુ નહી. બાબા સાહેબ પ્રત્યેની લાગણીને વ્યકત કરવા માટે પોતાના જ ઘરમાં રહી શ્રધ્ધાસુમન અર્પણ કરી જન્મજયંતિની ઉજવણી કરવી એ જ સાચી જન્મજયંતિ સાર્થક ગણાશે. તેમ ડો.બાબા સાહેબ આંબેડકર જન્મજયંતિ મહોત્સવ સમિતિના મહામંત્રી વિઠ્ઠલભાઈ પરમારે અનુરોધ કર્યો છે.

# સમસ્યાઓને સાથે મળીને સકારાત્મકતાથી ઉકેલીને 'ગાંધીનગર ચમકાવું છે'

## સોશ્યલ મિડીયાના ઉપયોગથી એક યુવાને ગાંધીનગરમાં સ્થાનિક સમસ્યા ઉકેલવા રજુઆત કરતું સશકત પ્લેટફોર્મ તૈયાર કર્યું : આ સાથે રચનાત્મક અને સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સમાજસેવાના કાર્યોને પણ વેગ આપ્યો




ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર સહિત સમગ્ર વિશ્વમાં નોવેલ કોરોના કોવિડ-૧૯ વાયરસથી ફેલાતી મહામારીએ માઝા મુકી છે અને દેશભરમાં લૉકડાઉનની સ્થિતિ લાગુ કરવામાં આવી છે. સરકાર દ્વારા તમામ વ્યવસ્થાતંત્રને યુધ્ધના ધોરણે કામે લગાડીને કટોકટીની આ સ્થિતિમાં નાગરિકોને વધુ વેઠવું ના પડે તે માટે વિવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે અને પ્રજાને ઉપયોગી નિર્ણયો સત્વરે લઈ તેની તાત્કાલિક અમલવારી કરવામાં આવી રહી છે. જો કે આવી સ્થિતિમાં સામાન્ય નાગરિકને પોતાને પડી રહેલ મુશ્કેલીનો હલ શોધવા કયાં જવું અને કોની મદદ લેવી તેની ઘણીવાર ખબર જ નથી હોતી. માત્ર કોરોના કટોકટી જ નહી પરંતુ સામાન્ય સંજોગોમાં પણ આમ નાગરિકને પોતાની આસપાસ સર્જાતી સમસ્યાઓના ઉકેલ માટે કોને ફરિયાદ કરવી તેનું જ્ઞાન ખૂબ ઓછું હોય છે. આ સ્થિતિમાં ગાંધીનગરમાં એક જાગૃત યુવાન દ્વારા શરૂ કરવામાં આવેલી એક ઓનલાઈન પહેલ એટલી લોકપ્રિય થઈ રહી છે કે તેમાં અનેક સામાન્ય નાગરિકો ઉપરાંત કેટલાંક સરકારી અધિકારીઓ પણ જોડાઈ રહ્યા છે અને આ પહેલ થકી કોરોના કટોકટીમાં જરુરિયાતમંદો સુધી રાહત પણ પહોંચી રહી છે. આ પહેલમાં જોડાનારા સૌ કોઈનો સંબંધ અને ઉદ્દેશ એક જ વાતથી છે કે તે સૌને 'ગાંધીનગર ચમકાવું છે'.

ગાંધીનગરમાં સેકટર-૪-એમાં રહેતા નિવૃત્ત સરકારી કર્મચારી મહેન્દ્રભાઈ તુવારના બે પુત્રો હર્ષદ અને મેહુલ પૈકી મેહુલ તુવારે સેપ્ટ યુનિવર્સિટીમાંથી જીઓમેપિક એન્ડ સ્પેસ એપ્લિકેશનમાં માસ્ટર ડિગ્રી પ્રાપ્ત કરી ડિજીટલ મેપ્સ એટલે નકશા તૈયાર કરવાનો પોતાનો વ્યવસાય શરૂ કર્યો હતો અને વિવિધ સરકારી એકમોમાં તેમણે કામ પ્રાપ્ત કર્યું હતું. પોતાના કાર્યમાં અને વ્યવહારમાં સંપૂર્ણ પ્રમાણિકતાના આગ્રહી એવા મેહુલ તુવારને સરકારી સીસ્ટમમાં ભ્રષ્ટાચારથી દૂર રહેવાના સ્પષ્ટ વલણને પગલે કામ કરવામાં તકલીફ પડી રહી હતી તેથી આ ભ્રષ્ટાચારને ઉજાગર કરવાના હેતુથી તેમણે સોશ્યલ મિડીયાનો સહારો લેવાનો નક્કી કરી ફેસબુક પર એક પેજ બનાવ્યું જેનું શિર્ષક રાખ્યું 'ગાંધીનગર ચમકાવું છે.' આ દરમિયાન એક ઘટના બની જેમાં તેઓ એકવાર પોતાના પુત્રને લઈને ઘરની નજીકના મ્યુનિસિપલ ગાર્ડનમાં લટાર મારવા ગયા હતા ત્યારે બગીચાની દુર્દશા જોઈ ચિંતામાં પડયા હતા ત્યારે જ તેમનો દિકરો બગીચામાં પડેલી દારૂની ખાલી બોટલ લઈને આવ્યો અને બાળકુતુહલવશ પુછવા લાગ્યો કે 'પપ્પા આ શું છે?' આ ઘટના પછી તેમણે સ્થાનિક કોર્પોરેટરથી માંડીને મ્યુનિસિપલ કમિશનર તથા પાટનગર યોજના ભવન સુધી બગીચાને સુધારવા ફરિયાદો કરી પરંતુ તેનો ઉકેલ આવ્યો નહી. છેવટે તેમણે કાગળ પર એક જાહેર અરજી તૈયાર કરી દર શનિ-રવિએ બગીચામાં ઉભા રહી ત્યાં આવતા નાગરિકોની સહી લેવા માંડી અને આશરે બસ્સો જેટલી સહી પછી અરજી આપ્યા બાદ એક જ માસમાં બગીચાનું સમારકામ થઈ ગયું. આ ઘટના પછી તેમણે નક્કી કર્યું કે હવે કોઈ પણ રજૂઆત સકારાત્મક અભિગમથી જ કરવી છે.






આ દરમિયાન પોતાનો વ્યવસાય બંધ કરી ખાનગી કંપનીમાં નોકરી શરુ કરી દેનાર મેહુલ તુવારે 'ગાંધીનગર ચમકાવું છે' ગૃપને ફેસબુક ઉપરાંત ટવીટર અને વ્હોટસએપ જેવા માધ્યમોમાં પણ શરુ કર્યું અને વૃક્ષારોપણ, રકતદાન સેવા, જરૂરિયાતમંદોને મદદ, ઠંડીમાં ધાબળા વિતરણ વગેરે જેવી સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સ્થાનિક સમસ્યાઓ જેવી કે કચરો-ગંદકી, ડ્રેનેજ લાઈન, ઉભરાતી ગટરો, રખડતી ગાયો, સ્ટ્રીટ લાઈટસ વગેરે અંગે તંત્ર સમક્ષ રજૂઆતનું માધ્યમ બનાવી દીધું. જે વ્યકિતને કોઈ પણ સમસ્યા હોય અને તેને ઉકેલવા કોનો સંપર્ક કરવો તે ખબર ના હોય તેના માટે તેઓ યોગ્ય સંપર્ક સ્થાન શોધી આપતા અને છતાં જો સમસ્યા ના ઉકેલાય તો પોતાના ગૃપના માધ્યમથી રજૂઆત કરી સમસ્યાનો ઉકેલ ના આવે ત્યાં સુધી તેનું ફોલોઅપ પણ કરવા લાગ્યા. આ કારણે વધુને વધુ નાગરિકો આ ગૃપમાં જોડાવા લાગ્યા અને તેઓ સ્થાનિક કોર્પોરેટરથી લઈને પીએમઓ સુધી સોશ્યલ મિડીયાના ઉપયોગથી તંત્ર પર દબાણ લાવી સમસ્યાઓ ઉકેલવા પ્રયાસ કરી રહ્યા છે. આ કાર્યમાં વિવેકાનંદ કેન્દ્રના સંયોજક એવા પત્નિ હર્ષલબેન સહિત પોતાના પરિવારનો પણ સાથ મળ્યો અને ધીમે ધીમે ગૃપનો વિસ્તાર પણ વધી ગયો. આ ગૃપમાં જીવદયાના કાર્યો કરતા સ્વયંસેવકો પણ જોડાયાં છે અને કોઈ પણ આપત્તિમાં સેવાકાર્યો કરતા સેવાભાવી નાગરિકો પણ જોડાયા છે. આ ગૃપ દ્વારા સંસ્કૃત સંભાષણના વર્ગો અને ગીત અધ્યયનની સેવા અધ્યાપક અજય રાવલ આપી રહ્યા છે. પર્યાવરણ સંબંધી કાર્યમાં પ્રજ્ઞેશભાઈ જોષી તો અન્ય કાર્ય વ્યવસ્થામાં પ્રજ્ઞાબેન, રઘુભાઈ, કનુભાઈ, ક્રિશ્નાભાઈ, ઋષિકા ચક્રવર્તી, જીજ્ઞેશભાઈ, ભરતભાઈ, જયેશભાઈ સહિત અનેક તો એવા સ્વયંસેવકો છે જેમને મેહુલ તુવાર કયારેય રૂબરૂ મળ્યા પણ નથી આમ છતાં તેમની એક વિનંતી પર કોઈ પણ સેવાકાર્ય પાર પાડે છે. 'ગાંધીનગર ચમકાવું છે' ગૃપ અનેક નાગરિકો માટે પોતાની સમસ્યા ઉકેલવાનું પ્લેટફોર્મ બની ચુકયું છે અને અત્યારે કોરોના કટોકટીમાં જરૂરિયાતમંદોને મદદ પહોંચાડવાનું માધ્યમ પણ આ ઉપરાંત મેહુલભાઈએ અમદાવાદનો કોરોના હોટસ્પોટ દર્શાવતો ડીજીટલ મેપ તૈયાર કર્યો છે તેવો હવે ગાંધીનગર માટે પણ તૈયાર કરી ડેશબોર્ડ બનાવવા ઈચ્છે છે તે માટે તેમણે કલેકટર સમક્ષ પ્રસ્તાવ પણ મુકી દીધો છે.

**- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com**